ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં કોરોનાનો અજગરી ભરડો : નવા ૨૬૫ કેસ

**ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૦ કેસ : ગાંધીનગર તાલુકામાં ૬૦, દહેગામમાં ૧૫, કલોલમાં ૩૦ અને માણસામાં ૫ કેસ : ગાંધીનગર શહેરમાં ૧૫૫ કેસ, શહેરના સેક્ટરોમાં ૭૮ કેસ તો સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૭૭ કેસ, જિલ્લામાં ૧૦૮ મહિલા દર્દીઓ સંક્રમિતોની યાદીમાં : શહેરમાં આજે સે. ૪ માં ૧૦ કેસ, સે. ૨ માં ૧૩ કેસ, સે. ૬ માં ૯ કેસ, સે. ૫ અને સે. ૮ માં ૬-૬ કેસ, સે. ૫ માં ૫ કેસ, સે. ૧૩, સે. ૨૭ અને સે. ૧૯ માં ૪-૪ કેસ, જીઈબીમાં અને સે. ૨૪ માં ૩-૩ કેસ, ૩-એ-ન્યુ, સે. ૩૦, ૨૧, ૨૯ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૬, ૧૨, ૧૩, ધોળાકુવા, સે. ૩, બોરીજ, સે. ૧૪, સે. ૨૦ માંથી પણ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં આજે પણ કોરોના બેકાબુ બની વિસ્તરતાં તંત્ર વધુ લાચાર સ્થિતિમાં ગરકાવ થયુ છે. જિલ્લામાં આજે વધુ ૨૬૫ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૦ અને શહેરમાં ૧૫૫ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના બેકાબુ બની વિસ્તરી રહ્યો છે. ગ્રામીણ વિસ્તારમાં પરિવારોના પરિવાર સંક્રમિત થતા જણાઈ રહ્યા છે. જિલ્લામાં રિકવરી રેટમાં પણ ઘટાડો નોંધાયો છે.

જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યા જે ગતિએ વધી રહી છે તેણે તંત્રને હચમચાવી દીધુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૧૫, ગાંધીનગરમાં ૬૦, કલોલમાં ૩૦ અને માણસામાં ૫ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૩ મહિલા દર્દી, ૧૩ ખેડૂત, ૭ કર્મયોગી, ૬ વિદ્યાર્થીઓનો સંક્રમિતોની યાદીમાં સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૭ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લાની ખાનગી અને સરકારી હોસ્પિટલો સંપૂર્ણ ભરાઈ જવા પામી છે.

ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી અંગે તંત્રને કડક સૂચનાઓ આપવામાં આવી છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતાં વેક્સીનેશનની કામગીરી થોડીક ધીમી પડી હોવાનું તંત્રના સૂત્રો આડકતરી રીતે સ્વીકારી રહ્યા છે.

જિલ્લામાં વધતા જતા સંક્રમણને કારણે આજે રામનવમીના પર્વને પણ લોકોએ ઘરમાં જ રહીને મનાવવાનું મુનાસિબ માન્યુ હતુ. ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા સંક્રમણમાં જે રીતે મહિલા દર્દીઓ સંક્રમિત થઈ રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. જો કે છેલ્લા એક સપ્તાહમાં યુવાઓ સંક્રમિત થવાની ટકાવારીમાં પણ ઉછાળો આવ્યો હોવાનું તંત્રના સૂત્રો સ્વીકારી રહ્યા છે.

દહેગામ તાલુકામાં આજે ૧૫ કેસ નોંધાયા છે જેમાં દહેગામ અર્બનમાં ૩ કેસ ઉપરાંત અંતોલીમાં ૨ કેસ, સાંપામાં ૨ કેસ તેમજ હાલીસામાં ૨ કેસ તેમજ દેવ મુવાડા, શિયાવાડા, લીહોડા, મોસમપુરા, ચેખલાપગી ગામમાંથી પણ કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વધુ ને વધુ બેકાબુ બની વિસ્તરી રહ્યો છે. જે તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. તાલુકામાં આજે પણ ૬૦ કેસ નોંધાયા છે. તંત્રએ તાલુકામાં ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કર્યો છે.

તાલુકાના સરઢવ ગામેથી ૬, ડભોડામાંથી ૭, ઉવારસદમાંથી ૭, મોટા ચિલોડા, શેરથા ગામેથી ૪-૪, રૂપાલ, અડાલજમાંથી ૩-૩ કેસ ઉપરાંત લવારપુર, છાલા, કાનપુર, ઈસનપુર મોટા, મગોડીમાંથી ૨-૨ કેસ મળ્યા છે. તેમજ આદરજ મોટી, જલુંદ, ટીંટોડા, લેકાવાડા, રતનપુર, શાહપુર, સોનીપુર, વાસન, આલમપુર, બી.એસ.એફ. આલમપુર, પીંપળજ, ઉનાવા, સોનારડા, વડોદરા, વાંકાનેરડા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

તાલુકામાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર આજે રજાના દિવસે પણ સતત દોડતુ રહ્યુ હતુ.

કલોલ તાલુકામાં આજે ૩૦ કેસ નોંધાયા છે. કલોલમાં જે રીતે પુનઃ કોરોના વકર્યો છે તેણે તંત્રની ચિંતા અને દોડધામ વધારી દીધા છે.

આજે નોંધાયેલા કેસોમાં ૧૨ કેસ કલોલ અર્બનમાંથી મળી આવ્યા છે. જેમાં અર્બન-૧ વિસ્તારમાંથી ૭ અને અર્બન-૨ વિસ્તારમાંથી ૫ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત બોરીસણામાંથી ૨, સાંતેજમાંથી ૩, ચાંદીસણા અને લીંબોદ્રામાંથી ૨ કેસ મળી આવ્યા છે તેમજ ભોંયણ મોટી, જેઠલજ, આમજા, આરસોડિયા, ઈસંડ, બાલવા, પ્રતાપપુરા, સોજા ગામેથી કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. જેમાં હિંમતપુરા ગામેથી ૨ કેસ મળવા ઉપરાંત વિહાર, રંગપુર અને માણસા અર્બનમાંથી કેસ મળી આવેલ છે.

જિલ્લામાં આજે ૯૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૩૩૬ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધતાં કન્ટેનમેન્ટ ઝોન વધ્યા છે. લોકોને અપીલ કરતાં તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ હોમ આઈસોલેશન અને હોમ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી માટે જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૧૯ એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે ૬૦૧૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ કોરોનાનું સંક્રમણ વધવા પામ્યુ છે. શહેરના સેક્ટરોમાં આજે ૭૭ કેસ તેમજ નવા ભેળવવામાં આવેલા વિસ્તારોમાં ૭૮ કેસ મળી આવતાં તંત્ર આખો દિવસ દોડતુ રહ્યુ છે.

અગાઉ હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં બેંક મેનેજર, ૧૦ જેટલા સરકારી અધિકારીઓ, પાંચ કર્મયોગી, એક ફાર્માસીસ્ટ, પૂજારી, પી.વી.આર. સિનેમાગૃહનો કર્મચારીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી નવ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૭૮ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. મોટીવયના લોકો પણ સંક્રમિત થનારાઓમાં મોટી સંખ્યા ધરાવે છે.

તંત્રએ જરૂરી ના હોય તો ઘરની બહાર ન નીકળવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા અપીલ કરી છે. આજે રજાના દિવસ હોવાથી લોકોએ સ્વયં લોકડાઉન પાળ્યુ હતુ તેમજ ક્રિકેટ રસિયાઓએ આઈ.પી.એલ.ની બે મેચ મન ભરીને માણી હતી.

શહેરમાં આજે સે. ૪ માં ૧૦ કેસ, સે. ૨ માં ૧૩ કેસ, સે. ૬ માં ૯ કેસ, સે. ૫ અને સે. ૮ માં ૬-૬ કેસ, સે. ૫ માં ૫ કેસ, સે. ૧૩, સે. ૨૭ અને સે. ૧૯ માં ૪-૪ કેસ, જીઈબીમાં અને સે. ૨૪ માં ૩-૩ કેસ, ૩-એ-ન્યુ, સે. ૩૦, ૨૧, ૨૯ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૬, ૧૨, ૧૩, ધોળાકુવા, સે. ૩, બોરીજ, સે. ૧૪, સે. ૨૦ માંથી પણ કેસ મળી આવ્યા છે.

નવા સમાવાયેલા વિસ્તારમાંથી રાંદેસણમાંથી ૧૨, પેથાપુરમાંથી ૧૩, સરગાસણમાંથી ૧૨, કુડાસણમાંથી ૧૪, સુઘડમાંથી ૨, વાવોલમાંથી ૯, કોલવડામાંથી ૩, રાયસણમાંથી ૭ તેમજ અંબાપુર, પોર અને ભાટ ગામેથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે ૩૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યા છે. શહેરમાં રિકવરી રેટમાં ઘટાડો નોંધાયો હોવાનુ તંત્ર દ્વારા આડકતરો એકરાર કરવામાં આવી રહ્યો છે.

શહેરમાં એક્ટીવ કેસોની સંખ્યા પણ ૮૦૦ને પાર કરી ગઈ છે. શહેરમાં સઘન સર્વેલન્સ અને હોમ આઈસોલેશનના દર્દીઓનું સઘન મોનીટરીંગ શરૂ કરવામાં આવ્યાનું પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

## આજે અને કાલે જિલ્લા પંચાયતની વિવિધ સમિતિના ચેરમેનોની નિયુક્તિ માટે બેઠકો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે અને આવતીકાલે પંચાયતની વિવિધ સમિતિઓની બેઠકો યોજવામાં આવી છે. જેમાં સમિતિઓના ચેરમેનોની વિધિવત્ નિમણુંકની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે કારોબારી સમિતિ, શિક્ષણ સમિતિ, આરોગ્ય સમિતિ અને અપીલ સમિતિની બેઠકો મળશે. જ્યારે શુક્રવારે સામાજિક ન્યાય સમિતિ, બાંધકામ સમિતિ, ખેત-ઉત્પાદન સહકાર સમિતિ અને મહિલા બાળ વિકાસ સમિતિની પ્રથમ બેઠકો મળશે.

જિલ્લા પંચાયતની છેલ્લી મળેલી બેઠકમાં અંદાજપત્ર સાથે સમિતિઓની રચના કરવામાં આવી હતી. પક્ષે ચેરમેનોની પસંદગી જાહેર કરી દીધી છે પરંતુ સમિતિની પ્રથમ બેઠકમાં તેમની વિધિવત્ નિમણુંક કરવામાં આવતી હોય છે. આ ઔપચારિક પ્રક્રિયા બે દિવસમાં સંપન્ન કરી દેવામાં આવશે. સમિતિઓની રચના અંગે સામાન્ય સભા પછી સભ્યોની બેઠકમાં રોષ વ્યક્ત થયો હતો પરંતુ હવે ચેરમેનોની નિમણુંકમાં કંઈ નવાજૂની થશે નહિ તેવુ રાજકીય વર્તુળોનું કહેવુ છે.

કારોબારી સમિતિના ચેરમેન તરીકે કલોલના દિનેશજી ઠાકોરનું નામ નિશ્ચિત છે.

જિલ્લા પંચાયતમાં નવા વરાનાર ચેરમેનોને બેસવાની જગ્યા છે નહિ આ માટે રજુઆત કરવામાં આવ્યા પછી તંત્રએ કોઈ કાર્યવાહી કરી નથી તેનો રોષ સભ્યોમાં છે. ઉપપ્રમુખને બેસવા માટેની જગ્યા ન હોવાથી તેઓ આવતા નહિ હોવાનું અને પોતાની નારાજગી આ રીતે વ્યક્ત કરી રહ્યાનું રાજકીય વર્તુળોનું કહેવુ છે.

અગાઉ જે ચેમ્બરો હતી તે અધિકારીઓને ફાળવી દેવામાં આવી હોવાથી હવે તેઓ ખાલી કરવા માગતા નથી અને ચૂંટાયેલા પદાધિકારીઓને બેસવા માટેની જગ્યા નથી. હજુ ભાજપના સત્તાધીશો વહીવટીય પ્રથાને સમજી રહ્યા છે અને કોરોનાની આ મહામારીમાં હાલ વહીવટી પાંખ સાથે સંઘર્ષના મૂડમાં પણ નથી.

## કોરોનાના કહેર વચ્ચે હવે આગામી ચાર દિવસ સુધી મીનાબજાર સંપુર્ણ બંધ રહેશે

ગાંધીનગર તા ૨૧

કોરોનાની મહામારીની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખી વેપારીઓ સ્વયંભુ લોકડાઉન પાળવાના મુડમાં છે. સેકટરોમાં પણ નિયત સમય માટે જ દુકાનો ખુલ્લી રહે છે. ત્યારે જુના સચિવાલય સ્થિત મીના બજાર પણ આગામી ચાર દિવસ સંપુર્ણ બંધ રાખવા નિર્ણય લેવાયો છે. તા ૨૨ થી ૨૫ એપ્રિલ સુધી મીના બજારમા સંપુર્ણ વેપાર ધંધો બંધ રહેશે.

કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે સરકાર લોકડાઉન આપવાના મુડમાં નથી બીજીતરફ કોરોનાના દર્દીઓની વધતી સંખ્યાના લીધે નાગરિકોમાં ફફડાટ પ્રવર્તયો છે. જેના લીધે નાગરિકો હવે આમપણ અત્યંત જરૂરી કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી. જેના લીધે શહેરના શોપિંગ બજારમાં પણ કોઈ વિશેષ અવરજવર જોવા મળતી નથી. સેકટરોમાં મોટાભાગની દુકાનો નિયત સમયગાળા દરમિયાન જ ખુલ્લી જોવા મળે છે. શાળા કોલેજો અને મંદિરો બંધ છે. જયારે કોરોનાના વધતા કહેર વચ્ચે નાગરિકો હવે સ્વયંભુ લોકડાઉન આપી રહ્યા છે.

શહેર આસપાસના ગામોમાં પણ સ્વંયભુ દુકાનો તેમજ વેપાર ધંધા બંધ રાખવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત શહેરમાં પણ સેકટરોમાં સ્થિત શોપિંગ સેન્ટરોમાં અમુક સમય માટે જ દુકાનો ખુલ્લી રહે છે. ત્યારે અનેક વેપારી એસોસિએશનો કોરોનાના સંક્રમણને ઘટાડવા માટે વેપાર ધંધા બંધ રાખવાનો નિર્ણય કરી રહ્યા છે. જુના સચિવાલય સ્થિત મીના બજાર પણ કોરોનાના કહેર વચ્ચે તા ૨૨ થી ૨૫ એપ્રિલ મીના બજાર સંપુર્ણ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. આ અંગે તુલસીભાઈ માળીએ જણાંવ્યા મુજબ કોરોનાની મહામારીની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી ચાર દિવસ સુધી મીના બજાર બંધ રાખવનો નિર્ણય લેવાયો છે. જેમાં પાથરણાવાળા સહીતની દુકાનો પણ બંધ રહેશે.

## ગરમીનો પારો ગગડયો, મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં ગઈકાલે નાટયાત્મક વાતાવરણ પલ્ટા બાદ નગરજનોએ ગરમીમાં ઉતરતા દિવસ દરમિયાન નગરજનોએ આકાર તાપ અને અસહ્ય ગરમીમાં રાહત અનુભવી હતી. આજે મહત્તમ તાપમાન

**છેલ્લા ઘણાં સમયથી ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર રહેતા નગરજનો આકરી ગરમીથી તોબા પોકારી ગયા હતા : ગઇકાલના વાતાવરણ પલ્ટા બાદ ગરમી ઘટી**

રાહત અનુભવી છે. જયારે આજે પણ સતત બીજા દિવસે ગરમીનો પારો નીચે આવ્યો હતો. મહત્તમ તાપમાન એક ડીગ્રી નીચુ ૪૦ ડીગ્રી નીચે જતુ રહ્યુ હતુ.

શહેરમાં કોરોનાના કહેર વચ્ચે ગરમીએ પણ ગત દિવસોમાં જોર પકડયુ હતુ. એક સમયે ગરમીનો પારો ૪૨ ડીગ્રીથી ઉપર પહોચી ગયો હતો. સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. જો કે મહત્તમ તાપમાન પણ ૪૦ ડીગ્રીને પાર રહેતા નાગરિકો ગરમીથી પણ હવે અકળાઈ રહ્યા છે. ત્યારે છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ૪૧ ડીગ્રીએ રહ્યા બાદ ગઈકાલે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણના અંતે ગરમીનો પારો નીચે ઉતર્યો હતો. જેના લીધે મહત્તમ તાપમાન ૪૦.૫ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે આજે ગરમીનુ જોર વધુ ઘટયુ હતુ. ગરમીનો પારો ૪૦ ડીગ્રી નીચે પહોંચી ગયો



હતો. ગઈકાલના વાદળિયા વાતાવરણ બાદ આજે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી.

મહત્તમ તાપમાન ૩૯.૮ ડીગ્રી રહ્યુ હતુ. જયારે સાંજના સમયે આકાશમાં આછેરા વાદળોનો ઘેરાવ પણ જોવા મળ્યો હતો. આકરી ગરમી વચ્ચે મોસમનો મિજાજ પણ સતત બદલાયા કરે છે. એકબાજુ આક્રમક ગરમી વચ્ચે અચાનક જ વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. જયારે આજે ગરમીનુ પ્રમાણ ઘટતા નગરજનોએ રાહત અનુભવી હતી.

રજાનો દિવસ હોવાની સાથે કોરોનાના કહેર વચ્ચે નગરના મુખ્યમાર્ગો પર આમ પણ સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો દિવસ દરમિયાન સેકટરોના શોપિંગ બજારમાં પણ કોઈ વિશેષ ચહલ પહલ જોવા મળી ન હતી.

## જન આરોગ્યની સુખાકારી માટે નાગરિકોએ ઘરે ઘરે રામધુન કરી

ગાંધીનગર તા ૨૧

કોરોનાનો કહેર ઓછુ થવાનુ નામ લેતો નથી. રોજબરોજ નવા કેસ સામે આવી રહ્યા છે. જયારે કોરોનાના લીધે નાગરિકો જીવ ગુમાવી રહ્યા છે. ત્યારે દવા અને ઈન્જેકશનના અભાવ વચ્ચે પણ દર્દીઓની પીડા વધી છે. હોસ્પિટલમાં પણ સમયસર જગ્યા મળતી નથી ત્યારે નાગરિકો રામ ભરોસે છે.

**હાલ દવા અને ઇન્જેકશનના અભાવ વચ્ચે દર્દીઓ પણ રામભરોસે જ છે.ત્યારે રામનવમીના પવિત્ર દિવસે કોરોનારૂપી રાક્ષસનો નાશ કરવા મર્યાદા પુરુષોત્તમને પ્રાર્થના**

કોરોનાના કપરા કાળમાં આજે રામનવમીના પવિત્ર દિવસે નાગરિકોએ ઘરમાં રામધુન કરી હતી જયારે ભગવાનની ધુન તેમજ હનુમાન ચાલીસાના પાઠ કરીને કોરોનારૂપી રાક્ષસનો નાશ કરવા માટે પણ પ્રાર્થના કરી હતી. શહેરમાં કોરોનાના કહેરને ડામવા માટે નાગરિકો હવે પ્રાર્થના શકિતના સહારે છે. એકબાજુ હોસ્પિટલમાં હજુ જગ્યા મળતી નથી જયારે દવા અને ઈન્જેકશન પણ હજુ જોઈએ તેવા છુટથી મળતા નથી ત્યારે હોમ આઈસોલેશનમાં સારવાર લેતા દર્દીઓની હાલત દયાજનક બની છે. ચૈત્રી નવરાતના પવિત્ર દિવસો દરમિયાન પણ નગરજનોએ શકિતની ભકિત કરી કોરોનારૂપી રાક્ષસને હણવા માંઈ શકિતને પ્રાર્થના કરી હતી જયારે આજે રામનવમીના દિવસો પણ સેકટરવાસીઓ ઘરે ઘેર રામધુન કરી હતી.

આ ઉપરાંત હનુમાન ચાલીસાના પાઠ કરી જન આરોગ્ય સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. હાલ મંદિરો બંધ છે. જયારે કોરોનાના સંક્રમણથી બચવા માટે ઘરમાં રહેવુ જ સલામતી ભર્યુ છે. ત્યારે આજે રજાના દિવસો શહેરમાં સન્નાટો જોવા મળ્યો હતો.

નગરના શોપિંગ બજારમાં પણ કોઈ ભીડ જોવા મળતી નથી ચૈત્રી નવરાતના અંતે રામનવમીની ઉજવણી પણ નગરજનોએ પારિવારિક માહોલમાં કરી હતી. ભગવાન રામ કોરોના રૂપી રાક્ષસનો નાશ કરે તેવી પ્રાર્થના સાથે સેકટરોમાં ઘણાં ખરા ઘરોમાં રામધુનથી વાતાવરણ દિવ્ય બની ગયુ હતુ. નગરજનોએ મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામના ચરણોમાં આરોગ્ય તેમજ કોરોનાની મહામારીના કપરા સંજોગોમાંથી દેશને ઉગારવા માટે પ્રાર્થના કરી હતી.




**ટેલીફોનિક બેસણું**

મારા પુત્ર
**નિરજસિંહ રમેશસિંહ રાજપૂત** નું
તા.૨૦-૪-૨૦૨૧ને મંગળવારના રોજ
દુઃખદ અવસાન થયેલ છે.

વર્તમાન પરિસ્થિતિને કારણે સદ્દગતનું ટેલિફોનિક બેસણું તા.૨૩-૪-૨૧ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.

રમેશસિંહ મહોબતસિંહ રાજપૂત (પિતા) મો.૯૮૨૪૨ ૯૫૧૯૦
દિલીપસિંહ મહોબતસિંહ રાજપૂત (કાકા) મો.૯૫૧૦૬ ૩૮૩૮૮
પ્રવિણસિંહ મહોબતસિંહ રાજપૂત (કાકા) મો.૯૯૨૪૧ ૮૦૨૫૮
રવિસિંહ રમેશસિંહ રાજપૂત (ભાઈ) મો.૯૬૦૧૧ ૧૧૫૧૩
અનિકેશસિંહ પ્રવિણસિંહ રાજપૂત (ભાઈ)
ગોવિંદસિંહ પ્રવિણસિંહ રાજપૂત (ભાઈ)
શ્લોકસિંહ નીરજસિંહ રાજપૂત (પુત્ર)
ખુશાલસિંહ રવિસિંહ રાજપૂત (ભત્રીજા)



**ટેલિફોનિક બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી
સ્વ. શ્રી રતનસિંહ મગનસિંહ બિહોલા
(ચૈત્ર સુદ પાંચમ) તા. ૧૭-૦૪-૨૦૨૧ના
શનિવારે દેવલોક પામેલ છે.
સદ્દગતનું ટેલિફોનિક બેસણું
તા. ૨૩-૦૪-૨૦૨૧ને શુક્રવારે સવારે
૯ થી ૧૨ રાખેલ છે.
(સુવાળા બંધ રાખેલ છે)

સ્થળ : ઘર નં. ૪૧૬૧, વાડીવાળો વાસ,
મુ. પેથાપુર, તા.જિ. ગાંધીનગર

લિ. ગં. લીલાબેન રતનસિંહ બિહોલા (પત્ની)
ઈન્દ્રસિંહ રતનસિંહ બિહોલા (પુત્ર)
મો. ૭૮૭૪૮૬૦૭૮૧, ૯૨૬૫૨૫૧૯૮૨
જનકસિંહ રતનસિંહ બિહોલા (પુત્ર)
૯૧૦૪૦૦૦૧૪૫, ૯૨૬૨૦૫૬૪૫૫
રાજવીરસિંહ ઈન્દ્રસિંહ બિહોલા (પૌત્ર)
મિતરાજસિંહ ઈન્દ્રસિંહ બિહોલા (પૌત્ર)
વિરેન્દ્રસિંહ ભીખુસિંહ રાઠોડ (જમાઈ)
બળવંતસિંહ ઘનશ્યામસિંહ રાઠોડ (જમાઈ)
રણવીરસિંહ મનહરસિંહ વાઘેલા (જમાઈ)



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2015 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
**ગ્રાફિક્સ ડિઝાઈનીંગ**



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com